***મે. જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં, મુ. તળાજા.***

**ફોજદારી કેસ નં.–૯૦૫/૨૦૨૬.**

**આંક–૧૪**

**ફરિયાદી. :– શ્રી સરકાર.**
(અલંગ પો.સ્ટે., એ–પાર્ટ,
ગુ.ર., નં.–૬૦૧૪૧/૨૦૨૬).

## વિરૂધ્ધ

**આરોપીઓ. :–**

(૧) **વિજયભાઈ મનસુખભાઈ ઉર્ફે મનુભાઈ મારૂ.**
ઉ.વ.આ.–૩૫, ધંધો–પ્રાઈવેટ નોકરી,
રહે. પાવલીયા વિસ્તાર, મણાર, તા.તળાજા,
જિ.ભાવનગર.

(૨) **દાનાભાઈ શામજીભાઈ મારૂ.**
ઉ.વ.આ.–૫૩, ધંધો–મજુરી,
રહે. પાવલીયા વિસ્તાર, મણાર, તા.તળાજા,
જિ.ભાવનગર.

(૩) **મધુબેન દાનાભાઈ મારૂ.**
ઉ.વ.આ.–૫૦, ધંધો–ઘરકામ,
રહે. પાવલીયા વિસ્તાર, મણાર, તા.તળાજા,
જિ.ભાવનગર.

(૪) **સંજયભાઈ દાનાભાઈ મારૂ.**
ઉ.વ.આ.–૩૦, ધંધો–મજુરી,
રહે. પાવલીયા વિસ્તાર, મણાર, તા.તળાજા,
જિ.ભાવનગર.

(૫) **રાજુબેન રમેશભાઈ વાઢેર.**
ઉ.વ.આ.–૫૫, ધંધો–ઘરકામ,
રહે. પાવલીયા વિસ્તાર, મણાર, તા.તળાજા,
જિ.ભાવનગર. હાલ–હરિધ્વાર સોસાયટી,
ભગવાનનગરની બાજુમાં, કતારગામ, સુરત.

**-: ગુન્હો :-**

***ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૮, ૮૦(૨), ૫૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૪ અન્વયે.***

-----------------------------------------

**-: કમિટલ હુકમ :-**

-----------------------------------------

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે,

આ કામના મરણ જનાર મીનાબેનને તેના સાસરીયામાં, તેણીના પતિ વિજયભાઇ(આરોપી નં.-૧), કાકાજી-સસરા દાનાભાઇ(આરોપી નં.-૨), કાકીજી-સાસુ મધુબેન(આરોપી નં.-૩), સંજયભાઇ(આરોપી નં.-૪) તેમજ ફઇજી-સાસુ રાજુબેન(આરોપી નં.-૫)નાએ છેલ્લા ચારેક વર્ષની કરિયાવરની માંગણી કરી, કપડા પહેરવા તથા ઘરના કામકાજ બાબતે અલગ-અલગ રીતે મ્હેણા-ટોણા મારી, મરણ જનારને અસહ્ય ત્રાસ આપી, એકબીજાના મેળાપીપણામાં મરણ જનાર મીનાબેનને ગઇ તા.૧/૪/૨૦૨૬ ના રોજ બપોરના આશરે સવા બે વાગ્યાના અરસામાં, તળાજા તાલુકાના મણાર ગામે, પોતાના સાસરીના ઘરે, ગળાફાંસો ખાવા મજબૂર કરી, તેણીનું મૃત્યુ નિપજાવી, ગુનો કર્યાની ફરીયાદ ફરીયાદીએ અલંગ પો.સ્ટે.માં દાખલ કરાવતા, ફરીયાદ એ-પાર્ટ, ગુ.ર., નં.-૬૦૧૪૧/૨૦૨૬થી રજિસ્ટરે લઇ, ત.ક.અ. ધ્વારા જરૂરી તપાસ કરી, તપાસના કામે સાહેદોના નિવેદન નોંધીને તપાસને અંતે, આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૮, ૮૦(૨), ૫૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૪ મુજબનું ચાજશીટ અત્રેની અદાલતમાં રજુ કરતા, તેને ફોજદારી રજિસ્ટરે લઇ, ફોજદારી કેસ નં.-૯૦૫/૨૦૨૬ આપવામાં આવેલ.

**(૨)** આરોપી નં.-૧ જ્યુડિ. કસ્ટડીમાં હોય તેઓને તેમજ અન્ય આરોપીઓને અત્રેની અદાલત સમક્ષ હાજર કરતા, તેઓને વિના મુલ્યે પોલીસ-પેપર્સની નકલો પૂરી પાડ્યા બાદ, આરોપી સામેના ગુનાનો પ્રકાર જોતા, ભારતીય ન્યાય સંહિતાની કલમ-૧૦૮, ૮૦(૨), ૫૪ તથા દહેજ

પ્રતિબંધક ધારાની કલમ–૪ મુજબના ગુનાનો ગંભીર આરોપ હોઇ, સદરહું ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ કોર્ટને હોઇ, આરોપી નામ. સેશન્સ કોર્ટમાં સરકારી વકીલ રોકીને બચાવ કરવા માંગે છે કે, ખાનગી વકીલ રોકીને બચાવ કરવા માંગે છે ? તે માટે આંક–પ થી આંક–૯ સુધીમાં પ્લી નોંધતા, આરોપીઓએ પ્રાઈવેટ વકીલ રોકીને બચાવ કરવાનું જાહેર કરેલ તેમજ આરોપીઓના જામીનદારે પણ આંક–૧૧ થી આંક–૧૩ સુધીમાં નામ. સેશન્સ કોર્ટમાં જામીનદાર તરીકે ચાલુ રહેવાનું પુરસીસથી જાહેર કરેલ છે.

(૩) આમ, આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનાનો પ્રકાર જોતા, ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮, ૮૦(૨), પ૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૪ મુજબના ગંભીર પ્રકારના ગુનાનો આરોપ છે તેમજ સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ કોર્ટને હોવાથી સદર કેસ નામ. સેશન્સ કોર્ટમાં ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ મુજબ કમિટ કરવાનું ન્યાયોચિત જણાતુ હોઇ, નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુકમ :–</u>**

૧. તળાજા કોર્ટના ફોજદારી કેસ નં.–૯૦પ/૨૦૨૬, તે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૧૦૮, ૮૦(૨), પ૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૪ મુજબ ના ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા માત્ર નામ. સેશન્સ કોર્ટને હોઇ, સદર કેસ તથા કેસનું તમામ પ્રોસીડિંગ્ઝ તેમજ કેસનો તમામ મુદ્દામાલ કમિટ કેલેન્ડર તૈયાર કરી, મુદ્દામ માણસ સાથે નામ. સેશન્સ કોર્ટ–તળાજાને મુદ્દત તા.૨પ/૬/૨૦૨૬ ના રોજ કે, તે પહેલા તૈયાર કરીને મોકલી આપવા આથી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ અન્વયે, હુકમ કરવામાં આવે છે.

૨. સદર હુકમની જાણ આસી. ગવર્નમેન્ટ પ્લીડરશ્રી–ભાવનગરને કરવી.

3. આરોપીઓ સામેનો હાલનો કેસ હવે પછી નામ. સેશન્સ કોર્ટ–તળાજા ખાતે ચાલનાર હોવાની રૂબરૂ સમજ કરી, આરોપી નં.–૧નું  કમિટલ વોરંટ ભરી આપ્યુ.

હુકમ આજ તારીખ–૧૧, માહે–જુન, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

સ્થળ :–તળાજા.

**(કુ. મૃણાલી જિગીશકુમાર કિકાણી)**
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફસ્ટ કલાસ–તળાજા.
(કોડ નં.–જી.જે.૦૧૫૪૯).

એચ.બી.જોષી.